GJBK010043332025

**બનાસકાંઠા જિલ્લાના મહે. બીજા એડીશનલ સેશન્સ જજ**
**શ્રી અમિત જે. કાનાણી સાહેબની કોર્ટ સમક્ષ,**
**મુકામ : પાલનપુર**

**સેશન્સ કેસ નંબર : ૧૪/૨૦૨૬**

**ફરિયાદી :** શકિતદાન જવાહીરદાન ચારણ
રોયલ્ટી ઈન્સ્પેકટર,
ભુસ્તર વિજ્ઞાન અને ખનીજખાતું,
બનાસકાંઠા.

**વિરૂધ્ધ**

**આરોપી :** ૧. **સોલંકી અજયસિંહ નરસિંહજી**
રહે. જુના ડીસા, ઠાકોર વાસ, તા. ડીસા,
જિ. બનાસકાંઠા.
(એક્ષવેટર મશીનના માલિક)

૨. **પ્રકાશસીંગ સોવનજી સોલંકી**
રહે. કુંપટ, તા.ડીસા, જિ. બનાસકાંઠા.
(એક્ષવેટર મશીનના ઓપરેટર)

**ગુન્હો :** એમ.એમ.ડી. એન્ડ આર.એકટ, ૧૯૫૭ (સુધારો-૨૦૧૫) ની કલમ-૪(૧),૪(૧)એ ના ભંગ બદલ કલમ ૨૧(૧) અને ૨૨ હેઠળ તેમજ ગુજરાત મિનરલ્સ (પ્રિવેન્શન ઓફ ઈલીગલ મઈનીંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) રૂલ્સ,૨૦૧૭ ના નિયમ-૩ અને ૭ ના ભંગ બદલ સદર નિયમોના નિયમ- ૨૧(૨) મુજબ.

ફરિયાદી તરફે વિ. એડી.પી.પી. શ્રી ડી.એચ. છાપીયા
આરોપીઓ તરફે વિ. વકીલ શ્રી વિ. એન.આર. ગોયલ

**–:: જ જ મે ન્ટ ::–**

૧. ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી શકિતદાન જવાહીરદાન ચારણ, રોયલ્ટી ઈન્સ્પેકટ, ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતું, બનાસકાંઠા નાઓ ધ્વારા આરોપીઓ (૧) KOBELCO કંપનીના વાદળી રંગના એક્ષેવેટર મશીનના માલિક શ્રી સોલંકી અજયસિંહ નરસિંહજી રહે .જુના ડીસા, ૧૬૩૮, ઠાકોર વાસ, તા. ડીસા, જિ. બનાસકાંઠા તથા (૨) KOBELCO કંપનીના વાદળી રંગના એક્ષેવેટર મશીનના ઓપરેટરશ્રી પ્રકાશસીંગ સોવનજી સોલંકી, રહે. કુંપટ, તા. ડીસા, જિ. બનાસકાંઠા નાઓ સામે એમ.એમ.ડી. એન્ડ આર. એકટ ૧૯૫૭ (સુધારો–૨૦૧૫) ની કલમ– ૪(૧),૪(૧)એ ના ભંગ બદલ કલમ ૨૧(૧) અને ૨૨ હેઠળ તેમજ ગુજરાત મિનરલ્સ (પ્રિવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ, ટ્રાન્સપોર્ટેશન અન્ડ સ્ટોરેજ) રૂલ્સ–૨૦૧૭ ના નિયમ–૩ અને ૭ ના ભંગ બદલ સદર નિયમોના નિયમ–૨૧(૨) મુજબ સાદી રેતી ખનિજના ગેરકાયદેસર વહન બાબતે સીઝ કરેલ KEBELCO કંપનીના વાદળી રંગનું એક્ષવેટર મશીન ને મુદ્દાાલ તરીકે લઈ સદરહું વાહન રાજયસાત કરવા ફરિયાદ દાખલ કરેલ છે.

૨. સદર પ્રાઈવેટ ફરિયાદ અત્રેની કોર્ટમાં દાખલ થતાં પ્રથમ Cri.P.H. No. 1/2026 થી તા. ૧૭/૦૧/૨૦૨૬ ના રોજ નોંધવામાં આવેલ અને ત્યારબાદ આંક. ૧ લગત હુકમ કરી તા. ૨૩/૦૨/૨૦૨૬ ના રોજ સદર ફરિયાદને સેશન્સ કેસ તરીક. રજીસ્ટ્રરે લેવાનો હુકમ થતાં, જે સેશન્સ કેસ નં. ૧૪/૨૦૨૬ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે.

૩. ત્યારબાદ આરોપીઓને નોટીસ કરતાં આરોપીઓ તેમના વિ. વકીલ શ્રી વિ. એન.આર. ગોયલ મારફતે હાજર થયેલ છે.

૪. તા. ૧૪/૦૩/૨૦૨૬ ના રોજ આંક. ૬ થી ભુસ્તરશાસ્ત્રી તરફે સેશન્સ કેસ નં. ૧૪/૨૦૨૬ પરત ખેંચવા માટે અરજી આપી જણાવેલ છે કે, સદર કામે આરોપીઓએ ફરિયાદી સાથે માંડવાળ થઇ ગયેલ છે અને માંડવાળ મુજબની પૂરેપુરી રકમ ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતામાં જમા કરાવી દીધેલ છે, આથી પુરસીસ ધ્યાને લઇ માંડવાળ કરવા રજુઆત કરેલ છે. જેથી સદર કાયદાના નિયમ–૨૨(બી) ની જોગવાઇ મુજબ આરોપીઓ સામે હવે કોઇ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, આરોપીઓ સામેનો કેસ પરત ખેંચવા માટે પુરસીસ આપેલ છે.

૫. આમ, આ કામના આરોપીઓએ દંડકીય રકમ ભરપાઇ કરી દીધેલ હોય, અને આરોપીઓ સામેનો કેસ ફરિયાદી પરત ખેંચતા હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુ ક મ</u> ::–**

૧. આરોપીઓએ દંડકીય રકમ ભરપાઇ કરી દીધેલ હોય, ગુજરાત મિનરલ્સ (પ્રિવેન્શન ઓફ ઇલીગલ માઇનીગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટૉરેજ) રૂલ્સ–૨૦૧૭ ના નિયીમ–૨૨(બી) ની જોગવાઇ મુજબ આરોપીઓ સામે કોઇ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, લોક અદાલતમાં માંડવાળ કરેલ હોઇ જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. **૧૪** મી માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ લોક અદાલતમાં જાહેર કર્યો.

મુકામ : પાલાનપુર
તારીખ : ૧૪/૦૩/૨૦૨૬

**(અમિત જે. કાનાણી)**
બીજા એડીશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર
(કોડ નં. જી.જે.૦૦૬૬૨)

/**raval**/